ISBN-978-81-973071-6-4
First Edition



**Ms. Bhartiben R. Prajapati** is serving as a visiting faculty in Maniben M. P. Shah Mahila Arts College Kadi (North Gujarat) since 2020-21. She has done her Graduation, Post-Graduation and M.Phil. in Economics from Hemchandrachrya North Gujarat University, Patan and also pursuing Ph. D. from Veer Narmand South Gujrat University, Surat. She has 7 Years of Teaching Experience. She has editing 15 Books on Various Topics. Many of her Research Papers and Articles Published in National and International Journal. She is also Interested in the Subject like Indian Economy and Public Finance.

*Publisher*

Maniben M. P. Shah Mahila Arts College,
Opp. N.C. Desai Petrol Pump,
Kadi - 382715, Dist. : Mehsana
Gujarat, India
Ph. : (02764) 242072
Email : hina639@gmail.com

ISBN 978-81-973071-6-4
9 788197 307164



# AGRICULTURE MARKET SYSTEM

**Author**
**Ms. Bhartiben R. Prajapati**



ISBN-978-81-973071-6-4
First Edition

# Agriculture Market System

**Ms. Bhartiben R. Prajapati**

**"Agriculture Market System"**

**Maniben M. P. Shah Mahila Arts College**

**Publisher**

ISBN-978-81-973071-6-4
First Edition

Published by:

**MANIBEN M. P. SHAH MAHILA ARTS COLLEGE,**

Opp. N. C. Desai Petrol Pump,

Kadi - 382715, Dist - Mehsana,

Gujarat, India

Ph.: (02764) 242072

E-Mail: hina639@gmail.com

Published - 2024

© Reserved

ISBN: 978-81-973071-6-4

All rights reserved. No part of this book may be reproduced in any form or by any mean without permission in writing from the publisher.

**Published at:** Kadi

ISBN-978-81-973071-6-4
First Edition

# Preface

Dear Reader,

The agricultural products we consume daily reach us after a long journey down the market system from its roots. The efficiency of this system directly affects our daily life. Agricultural market system refers to the system through which agricultural products reach us, spread across all parts of the country of their origin. Agricultural marketing is a method by which these goods reach different places depending on the market. Agricultural marketing is a process that involves assembling, storing, processing, transporting, packaging, grading and distributing various agricultural commodities across the country.

The system began to reform for good, as the government decided to step in. The government took several steps to achieve the goal of a regulated and efficient market system. Firstly, markets were regulated to obtain transparent and orderly marketing conditions. Secondly, the provisions of improvement in transport infrastructure provided easier and new channels of connectivity. The separation of these areas was now starting to diminish. Infrastructure was uplifted to reach better heights in reference to storages, processing units, warehouses etc. Also, cooperatives were set up that effectively bring together various farmers. This provides them with a common voice, helping them to get fair prices for their produce.

The agricultural marketing system is understood and developed as a link between the farm and non-farm sectors. A dynamic and growing agriculture sector requires fertilizers, pesticides, farm equipment's, machinery, diesel, electricity and repair services which are produced and supplied by the industry and non-farm enterprises. The expansion in the size of farm output stimulates forward linkages by providing surpluses of food and natural fibers which require transportation, storage, milling or processing, packing and retailing to the consumers. These functions are performed by the non-farm enterprises. Further, if the increase in agricultural production is accompanied by a rise in real incomes of farm families, the demand of these families for non-farm consumer goods goes up as the proportion of income spent on non-food consumables and durables tends to rise with the increase in real per capita income. Several industries, thus find new markets for their products in the farm sector.

The field of education is very vast. And many researches are being done in the field of education. The extent to which it is researched is less. The present book is also a link in the chain of such research. This book gives an explanation about the Agricultural Produce Market Committee of Kadi Taluka of Mehsana. In which the advantages and disadvantages to the farmers from the market yard, sale of farm produce, weighing etc. have been studied.

**Ms. Bhartiben R. Prajapati**

ISBN-978-81-973071-6-4
First Edition

# CONTENTS


| Sr. No. | Title | Page No. |
|---|---|---|
| 1 | વિષય પ્રવેશ | 1 |
| 2 | અભ્યાસના હેતુઓ | 5 |
| 3 | સંશોધન પદ્ધતિ | 7 |
| 4 | પરિણામ | 43 |
| 5 | નિષ્કર્ષ, તારણો સૂચનો | 53 |

ISBN-978-81-973071-6-4
First Edition

# પ્રકરણ – ૧ વિષય પ્રવેશ

**પ્રસ્તાવના:-**

પ્રો. ટી. ડબલ્યુ શુલ્ટઝના મતે......

'ખેતીને દેશના વિકાસ માટે શક્તિશાળી એજન્સી બનાવવા માટે કોઈ શંકાનું સ્થાન નથી. ખેડૂતોને માર્ગદર્શન અને વળતર આપવાનાં પ્રોત્સાહનો ચાવીરૂપ પરિબળ છે. જો મૂડીરોકાણ અંગેની તકો અને કર્યક્ષમ પ્રોત્સાહનો ઉપલબ્ધ થઇ શકે તો.....

ખેડૂતો માટીમાંથી સોનું પેદા કરી શકે છે.

ભારત એ ખેતીપ્રધાન દેશ છે. ભારતીય અર્થતંત્રમાં ખેતિક્ષેત્રે સંકળાયેલા છે જયારે માત્ર ૩૦% વસ્તી બીજા અન્ય વિવિધ ક્ષેત્રોમા રોકાયેલી છે. તેમજ ભારતની રાષ્ટ્રીયઅ આવકમાં ૨૭% હિસ્સો ખેતીનો છે. રોજગારમાં ૬૪% હિસ્સો તેમજ નીકાશોમાં ખેતપેદાશોનો હિસ્સો અગત્યનો છે ભારતની કુલ વસ્તીના ૭૨.૨૨% વસ્તી ગામડામાં અને ૨૭.૭૮% વસ્તી શહેરી વિસ્તારમાં વસવાટ કરે છે. ગામડામાં મોટાભાગના લોકો ખેતી અને ખેતી સાથે સંકળાયેલ વિવિધ રોજગારીમાં સંકળાયેલા હોય છે. ભારત જેવા ખેતી અને ખેતી સાથે સંકળાયેલ હોય છે. ભારત જેવા ખેતીપ્રધાન દેશમાં આર્થિક વિકાસની પ્રક્રિયામાં ખેતી અગત્યનું સ્થાન ધરાવે છે. તેમજ દેશના આર્થિક સર્વાંગી વિકાસ માટે કૃષિક્ષેત્રનો વિકાસ અનિવાર્ય બને છે. ખેતી એ મોટાભાગના લોકો પોતાના જીવન નિર્વાહ માટે કરતા હોય છે. તથા ખેતી ઓદ્યોગોનો કાચોમાલ પૂરો પડવાનું કાર્ય કરે છે. વધતી જતી વસ્તીની આનાજની માંગને પોહોંચી વળવા માટે અનાજનો પુરવઠો પૂરો પાડે છે. આમ, રોજગારી આવક આર્થિક વિકાસ વગેરેમાં ખેતી અગત્યનું સ્થાન ધરાવે છે. આથી દેશના આર્થિક વિકાસની પ્રક્રિયામાં ખેતી અગત્યનું સ્થાન ધરાવે છે. કે "ભારતીય અર્થતંત્રમાં કૃષિક્ષેત્રે કરોડરજ્જુ સમાન છે. "

આમ, ખેતીક્ષેત્રનો વિકાસ વગર દેશનો આર્થિક વિકાસ શક્ય નથી જ્યારથી માનવજાત ખેતી કરતી થઇ ત્યારથી સમાજનો આર્થિક જીવનમાં ખેતીનું સ્થાન મહત્વનું જોવા મળે છે. આથી "ખેડૂતોને જગતનો દાતા કહેવામાં આવે છે."

આમ, ભારતીય અર્થતંત્રમાં ખેતી એ ....

- રોજગારી સર્જન માટે
- ઓદ્યોગિક કાચોમાલ પૂરો પડવાનું કાર્ય કરે છે.
- અનાજનો પુરવઠો પૂરો પડે છે.
- વિદેશી હુંડિયામણની કમાણી કરવા માટે
- દેશની આવકમાં વધારો
- કૃષિ સાથેના પુરક વ્વ્યસયોનો વિકાસ

ISBN-978-81-973071-6-4
First Edition

- વપરાશી ચીજ વસ્તુનો પુરવઠો પૂરો પડે છે.
- રાષ્ટ્રીય આવકમાં વધારો
- ભાવોમાં સ્થિરતા

આમ, ઉપરોક્ત કૃષિક્ષેત્ર ભારતીય અર્થતંત્રમાં અગત્યનું સ્થાન ધરાવે છે. આથી કહેવાય છે કે "ખેતી એ જનજીવનની જીવાદોરી છે." આમ ભરમાં ૭૦% લોકો ખેતી ક્ષેત્રની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા જોવા મળે છે. તેમજ અનાજની નિકાસો કરીને વિદેશી હુંડીયામણની કમાણી કરવામાં આવે છે. આમ છતાં વિકસિત દેશોની તુલનામાં ખેતી ક્ષેત્રે ખેત ઉત્પાદન અને ઉત્પાદકતા ઓછા રહ્યા છે.

- 'ખેત ઉત્પાદન એટલે અમુક ચોક્કસગળાના દરમિયાન જમીન સાથે અન્ય ઉત્પાદનના સાધનોના સહયોગ દ્વારા જે ઉત્પાદન થયા છે. તે ખેતી ઉત્પાદન છે.'
- 'ખેત પેદાશ એટલે જમીનની એકમ દીઠ પેદાશ જેનું સૂત્ર આ મુજબનું છે.'

**કુલ ઉત્પાદન**

**કુલ જમીન વિસ્તાર**

આમ, કૃષિક્ષેત્રે ખેત ઉત્પાદન અને ઉત્પાદકતા નીચા રહ્યા છે. પરંતુ આઝાદી બાદ સરકારના પ્રયાસોનો કારણે ખેત ઉત્પાદન અને ઉત્પાદકતા બને વધ્યા છે. જેને લીધે ખેતી ક્ષેત્રે પ્રગતિ બને વધ્ય છે. જેને લીધે ખેતીક્ષેત્રે પ્રગતિ જોવા મળે છે પરંતુ ઉદ્યોગો અને સેવક્ષેત્રેની સરખામણીઓ વિકાસ ઓછો છે.

સમગ્ર ખેતિક્ષેત્રે અનેક સમસ્યાથી ઘેરાયેલું છે જેમાં ખેડૂતોની નબળી આર્થિક પરિસ્થિતિ શાહુકારનું શોષણ ખરીદ- વેચાણની સમસ્યાઓ ઋણી ખેતી વગેરે એ પડકારો ખેતી ક્ષેત્રે રહેલો છે તેમાંથી મહત્તવની સમસ્યા છે, ખેત પેદાશોના ખરીદ- વેચાણની મર્યાદાઓ છે. ભારતમાં ગ્રાહક અને ખેડૂત વચ્ચે મધ્યવર્તી હિતોને લીધે ખેડૂતોને તેમની ખેત પેદાશોના યોગ્ય વ્યાજબી ભાવો મળતા નથી. તથા ખેત પેદાશોના વેચાણ પર વ્યાપારીઓ અને શાહુકારનું વર્ચસ્વ રહ્યું હતું.

પરંતુ આર્થિક ઉદ્યોગીકરણની આવશ્યકતાને લીધે શેહ્રો માટે અન્નનો પુરવઠો કાચોમાલ મેળવવો હોયતો આ પરિસ્થિતિ નિભાવી શકાય નહિ. સરકારે ખેતીનું ઉત્પાદન વધારવા ઉપરાંત વધુને વધુ માળનું વેચાણ પ્રાપ્ત થાય તેવી વ્યવસ્થા ઊભી કરવી પડે છે. તેમજ ખેડૂતોને તેમની ખેત પેદાશોમાં યોગ્ય અને પૂરતા ભાવ મળે તેવી બજાર વ્યવસ્થાનું નિર્માણ કરવું અત્યંત આવશ્યક છે. આમ, ભારતીય અર્થતંત્રમાં કૃષિ મહત્વનું સ્થાન ધરાવે છે.

ISBN-978-81-973071-6-4
First Edition

**સમસ્યા કથન**

આઝાદી કાળના સમયગાળા દરમિયાન ખેડૂતો હરિયાળીક્રાંતિ પહેલા પોતાના કુટુંબને ધ્યાનમાં રાખીને ખેત ઉત્પાદન કરતો હતો તેનો હેતુ પ્રાથમિક સ્વરૂપ માત્ર જીવનનિર્વાહ અંગેનો સમિત દ્રષ્ટીકોણ હતોતે પેદાશનું વેચાણ શાહુકાર, સ્થાનિક બજાર ગુજરી બજાર, હાટ બજાર, મંડી બજાર વગેરેમાં થતું.

પ્રથમ પંચવર્ષીય યોજના સમયે ભારતમાં અનાજની તંગીની સમસ્યા ઉદભવી હતી અને ઝડપી વિકાસને સાધવા માટે ભારત સરકારે કૃષિ વિકાસ પ્રત્યે ધ્યાન આપ્યું. સમગ્ર દેશમાં સરકારની જુદા-જુદા પ્રકારની આર્થિક નીતિઓની ભાગરૂપ આપતા પ્રોત્સાહનો થી ઉપલભ્ધ સગવડો થી ખેડૂતોનો જીવન જીવવાનો દ્રષ્ટિકોણ બદલાયો વિવિધ વિજ્ઞાનની શોધની અસર ગ્રામિણ સમાજ પર થવા લાગો કૃષિક્ષેત્રમાં નવા સંશોધનનો આધુનિક ટેકનોલોજી, હરિયાળીક્રાંતિ વગેરે પ્રવૃતિઓ પ્રબળ બની ખેતીક્ષેત્રમાં પડેલો જૂની પુરાણી ઉત્પાદન પદ્ધતિથી ખેતી થતી હતી. તેનું સ્થાન આધુનિક ઉત્પાદન પદ્ધતિથી ખેતી થવાલાગી અને કૃષિમાં પરિવર્તન આવ્યું જેથી કરીને ઉત્પાદનમાં વધારો જોવા મળ્યો છે પરિણામે સ્વવપરાશ ખેત ઉત્પાદન પદ્ધતિ તરફનું વલણ દ્રઠ બનતું ગયું તેની કારણે ભારતમાં ખેત ઉત્પાદનમાં વધારો થયેલો જોવા મળે છે. અને ઉત્પાદનમાં વધારો થતા તેના વેચાણ દરમિયાન સમસ્યાનો સામનો ખેડૂતોને કરવો પડે છે ખેડૂતોને પોતાની ખેડૂતોને કરવો પડે છે. ખેડૂતોને પોતાની ખેતપેદાશોના મધ્યસ્થિત દ્વારા યોગ્ય ભાવો મળતા નથી. આથી...

પ્રો. રોજર થોમસના મતે ............

"જો વરસાદ પછી બીજા ક્રમમાં ખેડૂતોનો કોઈ મોટો દુશ્મનન હોય તો તે ભાવ ફેરફાર છે. "

આમ ભારતમાં કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં ખેતપેદાશોમાં વેચાણ હુથ્થા પદ્ધતિ દ્વારા પદ્ધતિ નમુના પદ્ધ્ધતી હરાજી પદ્ધતિ થી જોવા મળે છે આ પ્રકારની બજાર વ્યવસ્થાને કારણે ખેડૂતોનું આર્થિક રીતે સતત શોષણ થતું રહ્યું છે. અને જીવન જરૂરિયાતો પૂર્ણ કરવા માટે તેઓ શાહુકારો પાસે થી વ્યાજવા નાણા ઉછીના ળે છે. અને આખું જીવન દરમિયાન નાણાનું વ્યાજ ભરવામાં ગુજરી જાય છે. આથી કહેવાય છે કે....'ભારતનો ખેડૂત દેવામાં જન્મે છે જીવે છે અને દેવામાં મૃત્યુ પામે છે.'

ખેડૂતોને આ પરિસ્થિતિમાંથી ઉગરવાનો એકમાત્ર ઉપાય હતો નિયંત્રિત બજારો જે ખેડૂતોને સીધી રીતે આંતરિક અને આંતરરાષ્ટ્રીય બજારોના સંપર્કમાં લાવી શકે છે. આ વ્યવસ્થા દ્વારા વેચાણ વ્યવસ્થાના અનેક પ્રશ્નો ઉકેલી શકાય છે. ખોટી રીતે રમતો સટ્ટા અટકાવીને ખેત પેદાશના યોગ્ય ભાવો ખેડૂતોને આપી શકાય છે. ભારતમાં ખાસ કરીને મહારાષ્ટ્ર, તમિલનાડુમાં, ઉત્તર પ્રદેશ જેવા રાજ્યોમાં આવા બજાર વ્યવસ્થા દર ખેડૂતોને પોતાના પેદાશના યોગ્ય ભાવો મળી રહે અનો તેઓને ઉત્પાદન વૃદ્ધીમાં પ્રોત્સાહન થાય છે.

ISBN-978-81-973071-6-4
First Edition

આમ, નિયંત્રિત બજારો દ્વારા ખેડુતોને થતું શોષણને અટકાવી શકાય છે. અને પોતાની ખેત પેદાશોના યોગ્ય ટેકારૂપ ભાવો મળી રહે છે. જેથી તેમનું આર્થિક સ્થિતિ સારી બની શકે છે. અને ખેડૂતોનું જીવન ધોરણ સુધારી શકે છે.

ISBN-978-81-973071-6-4
First Edition

## પ્રકરણ – ૨

## અભ્યાસના હેતુઓ

### પ્રસ્તાવના

જરૂરિયાત એ દરેક સંશોધનની માતા છે. એ યુક્તિ પ્રમાણે જ્યાં સુધી કોઈ પણ વસ્તુ કે વિષયની જરૂરિયાત ઊભી ન થાય ત્યાં સુધી સંશોધન અંગે કોઈ આવકાશ રહેતો નથી અને નવી શોધખોળ થતી નથી. આજના આધુનિક યુગમાં વિજ્ઞાન ટેકનોલોજીનો ઉપયોગ વધુ પ્રમાણમાં થવાથી તેમજ અનેક ક્ષેત્રમાં વ્યાપક પ્રમાણમાં ફેલાવા થવાથી તેનાથી ઉપલબ્ધ સગવડોથી ખેડૂતોનો જીવન જીવ્વમાં દ્રષ્ટિકોણ બદલાયો વિજ્ઞાનની અસર ગ્રામિણ સમાજ પર પડ લાગી ખેતીક્ષેત્રે પણ નવા સંશોધનના નવી ટેકનોલોજી અપનાવવાની વૃતિ પ્રબળ બની. જૂની પુરાણી ઉત્પાદન પદ્ધતિ સ્થાન દુર થવા લાગ્યું. જેથી ખેત ઉત્પાદનમાં વધારો થયેલો જોવા મળ્યો પરિણામે સ્વ વપરાશ ખેત ઉત્પાદન પદ્ધતિ તરફનું વલણ દ્રઠ બનતું ગયું તેના કારણે ભારતમાં ખેત ઉત્પાદનમાં વધારો જોવા મળે છે.

### અભ્યાસના હેતુઓ

કોઈ પણ સંશોધન કાર્ય હાથ ધરતાં પહેલા તેના હેતુઓ નક્કી કરવામાં આવે છે. કારણકે તેમાંથી સંશોધકને કાર્યની દિશા સુચન પ્રાપ્ત થાય છે. પોતે જે અભ્યાસ કરવામાં માંગે છે. તે તરફ આગળ વધી શકે છે આથી પ્રસ્તુત સંશોધકે નીચે મુજબના હેતુઓ પ્રમાણે પોતાનું સંશોધકે સંશોધન હાથ ધરેલ છે.

### આ પ્રમાણે હેતુઓ છે.

- સરેરાશ દિવસ દરમિયાન કેટલા ખેડૂતો વેચાણ માટે આવેછે તેમની માહિતી મેળવવા નિયંત્રિત બજારના હેતુઓને અનુરૂપ કામગીરી થાય છે કે નહિ તે તપાસવું.
- ખેડૂતોને તેમની ખેત પેદાશોના પોષણક્ષમે ભાવો મળી રહે છે કે નહિ તેનો અભ્યાસ કરવો.
- બજારના કારણે પાકની તરાહમાં આવતા પરિવાર્તાનો તપાસવા
- નિયંત્રત બજારો દ્વારા માલનું વેચાણ બજારો કે યોગનોમાં ખુલ્લી જગ્યાએ હરાજીથી કરવામાં આવે છે.
- પાકવાર બજાર પૂર્ણ હરીફાઈવાળ છે. કે અપૂર્ણ હરીફાઈવાળું તે નક્કી કરવું.
- વર્ષોમાં કયા સમય દરમિયાન ક્યાં પાકોનું વેચાણ થાય છે તેની માહિતી મેળવવી
- ખેત પેદાશોના સંગ્રહ માટે ગોદામોની વ્યવસ્થા કરી આપવામાં આવે છે.
- બજારમાં વેચવા આવતા ખેડૂતોને પોતાના સાધનો જેવા કે ટ્રેક કે ત્રેક્તારો ઉભા રાખવાની વ્યવસ્થા આપવામાં આવે છે.

ISBN-978-81-973071-6-4
First Edition

## પરિકલ્પના

કોઈપણ ક્ષેત્રનો અભ્યાસ કરવા માટે સંશોધન કરતા પહેલા તે અભ્યાસમાં પરિકલ્પનાઓ એવા પ્રકારનું વિધાન હોય છે કે તેનો ઉત્તર હકારાત્મક પણ હોય અને નકારાત્મક પણ હોય શકે છે. આ તપાસ નિબંધમાં નીચે પ્રમાણે પરિકલ્પનાઓ કરવામાં આવે છે.

આ મુજબની પરિકલ્પનાઓ છે.

૧. નિયંત્રત બજારોમાં ખેડૂતોને મજુરી બારદાન ધર્મદા ભાડું કે અન્ય કોઈ પણ પ્રકારના ફંડ ફાળો ચુકવવા પડતા નથી.

૨. વિવિધ પાક માટે નિયંત્રિત બજારમાં પૂર્ણ હરીફાઈ જોવા મળે છે.

૩. નિયંત્રિત બજારમાં ખેડૂતોને ખેત પેદાશોના યોગ્ય ભાવ મળે છે.

૪. આવા બજારોમાં તોલમાપના ધોરણો એક સરખા રાખવામાં આવે છે.

૫. નિયંત્રિત બજારોની કામગીરીમાં સહુકારી મંડળી (સંધ)નો ફાળો આપે છે.

૬. નિયંત્રિત બજારોના લાભ દરેક ખેડૂતોને મળે છે.

૭. નિયંત્રિત બજાર અનેક હેતુઓને અનુરૂપ કામગીરી કરવામાં નિષ્ફળ ગયું છે

## અભ્યાસક્ષેત્રની પસંદગી

જયારે કોઈપણ સમસ્યાનો આધ્યયન પ્રાથમિક માહિતીને આધારે કરવાનો હોય ત્યારે ક્ષેત્રની પસંદગી અનિવાર્ય છે. મહેસાણા જીલ્લામાં નિયંત્રણ બજાર અસ્તિત્વ ધરાવે છે. આ જીલ્લામાં કડી તાલુકામાં આવેલ કડી નગરપાલિકાનું નિયંત્રણ બજાર ૧૯૫૬ની સાલમાં સ્થપાયું આ નિયંત્રત બજારે કરેલ કામગીરી નું મુલ્યાંકન માટે આ વિસ્તાર પસંદ કરાયો છે કડી નિયંત્રત બજારો મારા પરિક્ષણથી ચકાસીને અનુરૂપ હોવાથી તેની પસંદગી કરવામાં આવી છે. તથા કડી તાલુકાના આજુ બાજુ ગામડામાં મુખ્ય વ્યવસાય ખેતી છે. આથી તેની પસંદગી કરવામાં આવી છે.

## પાકની પસંદગી

પાકની પસંદગી માટે નીચે મુજબની પદ્ધ્તીનો ઉપયોગ કર્યો છે સૌપ્રથમ તાલુકા પંચાયતના વિસ્તરણ અધિકારી પાસેથી ૧૨૨ ગામ માટે છેલ્લા ૨ વર્ષોનો બધા જ ઋતુ પાકના બધા જ ગ્રામનો વાવેતર હેઠળનો વિસ્તાર જોયા બળ તેના ટકાવારી પ્રમાણે દર વર્ષના મુખ્ય પાકો જોયા તેમાંથી તપાસ ક્ષેત્ર માટે મુખ્ય પાકો નક્કી કાર્ય જેમાં ધઉં, બાજરી, એરંડા, રાયડો, અને માગ, કપાસ છે.

ISBN-978-81-973071-6-4
First Edition

## પ્રકરણ- ૩

### સંશોધનની પદ્ધતિઓ

"કોઈ પણ સંશોધન કાર્યમાં માહિતી એકત્રીત કરવાનું કામ મહત્વનું છે. જો માહિતી વૈજ્ઞાનિક હશે તો સંશોધનના હેતુઓ સચોટ અને સંપૂર્ણ કરવામાં સરળતા રહે છે."

### માહિતીના સ્ત્રોતો

### પ્રાથમિક માહિતી

- મુલાકાત પદ્ધતિ
- ગૌણ માહિતી
- સંસ્થાનો અહેવાલોં
- સમાચાર પત્રકો
- ગ્રંથાલય
- વાર્ષિક અહેવાલ

### માહિતીના પ્રાપ્ત સ્થાનોમાં

### પ્રાથમિક માહિતી

કોઈપણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા પોતાની જાતે જ સૌપ્રથમવાર એકત્ર કરેલ માહિતીને પ્રાથમિક માહિતી કહેવાય છે.

- તપાસક્ષેત્રમાં નીચે મુજબ ની પધ્ધતિ દ્વારા નીચે મુજબ પ્રાથમિક મેળવેલ છે.

### મુલાકાત પદ્ધતિ

આ પદ્ધતિ દ્વારા કડી નગરપાલિકાના પ્રમુખ નિયત્રિત બજારના ચેરમેન સેક્રેટરી કમીશન એજન્ટ જનરલ કમીશન એજન્ટ તથા ગ્રામ સેવકની વ્યક્તિગત મુલાકાત લઇ માહિતી મેળવવામાં સરળતા ઊભી થઇ હતી.

### ગૌણ માહિતી

જયારે ભૂતકાળમાં કોઈ વ્યક્તિ કે સંસ્થા દ્વારા એકઠી કરાયેલ માહિતીનો ભવિષ્યમાં અન્ય કોઈ વ્યક્તિ કે સંસ્થા માટે ભૂતકાળની માહિતી ગૌણ માહિતી કહેવાય છે ગૌણ માહિતીમાં વ્યક્તિગત મુલાકાત લેવામાં આવતી નથી જેમાં,

- સંસ્થાનો અહેવાલો
- સમાહિકો
- ગ્રંથપાલ

આમ, ઉપરોક્ત નો ઉપયોગ કરવામાં આવે છે.

### વર્ગીકરણ અને કશિષ્ટ રચના

જયારે સંશોધન માટે પ્રાથમિક અને ગૌણ માહિતી મેળવવામાં આવે છે ત્યારે ખુબજ વિસ્તુત અને તે માહિતી અવયવ સ્થિત સ્વરૂપમાં હોય છે આ પ્રકારની મેળવેલ માહિતી માંથી ઝડપ થી નિર્ણયો તારવવા

મુશ્કેલ હોય છે પરંતુ જો આ માહિતી ને સંક્ષીપ્ત અને વ્યવસ્થિત રૂપમાં ગોઠવવામાં આવે તો તેના પરથી પૃથ્થકરણ કરવાનું સરળ બને છે અહી મેં મારા અભ્યાસના સંશોધનને અનુરૂપ મેળવેલી માહિતીનું વર્ગીકરણ કર્યું છે તેના માટે અંક્દાકીય માહિતી માટે કોષ્ટકો તૈયાર કાર્ય છે જેથી વર્ગીકરણ કરવાનું સરળ બન્યું છે.

## અભ્યાસમાં નડેલી મુશ્કેલીઓ

જયારે કોઈપણ સંશોધન કાર્ય કરવામાં આવે ત્યારે તેમાં મુશ્કેલીઓ પડતી હોય છે મારા આ સંશોધનના અભ્યાસમાં પણ કેટલીક મુશ્કેલીઓ ઊભી થઇ હતી જે નીચે મુજબ છે.

- માહિતી લેવા માટે કોઈપણ માર્કેટયાર્ડ સંબંધિત વ્યક્તિનો પરિચય હોવો આવશ્યક હતો.
- ખેડૂતો તથા કમીશન એજન્ટો માહિતી આપવા માટે સંકોચ અનુભવતા હતા.
- ખેડૂતો તથા કમીશન એજન્ટો સંપૂર્ણ પૂરી માહિતી આપતા નહોતા
- કડી માર્કેટયાર્ડ તથા તાલુકા પંચાયત માંથી માહિતી મેળવવી મુશ્કેલ હતી. કારણકે મોટા ભાગનાં કર્મચારીઓ પોતાની ફરજ ઊપર ગેરહાજર હોતા. અથવા તેઓ કામમાં વ્યસ્થ હોતા.
- જયારે માહિતી મેળવવામાં આવતી ત્યારે અમને પૂછવામાં આવતું કે તમારે માહિતી નું શું કામ છે? ક્યાંથી આવ્યા છો? નામ શું છે? સમય નથી? સરકારી માણસ છો? થોડી સમય પછી મળો વગેરે પ્રશ્નો પૂછતા હતા.
- એક કે વધુ માહિતી મેળવવા જઈએ તો ત્યાં જે વ્યક્તિ જોડે થી માહિતી મેળવવાની હોય તે વ્યક્તિ મળતી નહિ. પરિણામે સમય અને નાણાનો વ્યય થતો.

આમ, ઉપરોત મુશ્કેલીઓ હોવા છતાં કચાસ ણ રહે તે માટે શક્ય તેટલી સચોટ અને ચોક્કસ માહિતી રજુ કરવાના પ્રયત્નો કાર્ય છે અને સંશોધનના ભાગરૂપે મારો આ નિબંધ રજુ કરું છે.

## અહેવાલ લેખન

અહેવાલ લેખન અને સંશોધનનું છેલ્લું પગથિયું છે. જેમાં તપાસ નિબંધને કુલ ચાર વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યો છે.

## કૃષિ માર્કેટિંગ અને માર્કેટયાર્ડનો પરિચય

### પ્રસ્તાવના

આપણો ભારત દેશ એ ખેતી પ્રધાન દેશ છે. જેમાં ૭૦% લોકો ખેતી સાથે સંકળાયેલા છે. જયારે ખેતીને વ્યવસાય તરીકે નહિ પણ જીવનનો એક મહત્વનો ભાગ છે. ભારતની રાષ્ટ્રીય આવકમાં ખેતીનો હિસ્સો તેમજ નીકાશોમાં ખેત પેદાશોનો અગત્યનો હિસ્સો છે આથી.

'ખેતી એ ભારતીય અર્થતંત્રની કરોડરજ્જુ સમાન છે'

ભારતમાં કૃષિ માટે અનેક અનુકુળ સંજોગો છે. વિશાળ ફળ દ્રુપ જમીન બારેમાસ પાક લઇ શકાય તેવી આબોહવા મહેનતુ ખેડૂતો વગેરે મુખ્ય છે. આમ છતાં ભારત દેશ ખેતીમાં ધરિયા મુજબ વિકાસ કરી શક્યું નથી છતાં મોટા ભાગના લોકો સીધી કે આડકતરી રીતે ખેતી સાથે રોજગારી મેળવવા આધાર રાખે આથી ખેતી એ વ્યવસાય તરીકે ખેતી સાથે રોજગારી મેળવવા આધાર રાખે છે આથી ખેતી એ વ્યવસાય તરીકે મુખ્ય આધાર સ્તંભ ગણાપી શકાય.

ISBN-978-81-973071-6-4
First Edition

ભારત ખેતી પ્રધાન દેશ હોવા છતાં ભારતમાં ખેડૂતોની આર્થિક સ્થિતિ ઘણી નબળી છે વર્ષો પહેલાના સમયમાં ખેડૂતોની ખેત પેદાશો વેપારીઓ સસ્તા ભાવે ખરીદી કરતા અને ખેડૂતોને ખરી મજુરીની કમાણી મેળે જતી તેમણે પોષણક્ષમ ભાવ ન મળતા ખેતીની ગુણવત્તા જળવાતી ન હતી તેથી ખેડૂતોને પૂરતા પૈસા ન મળવાને કારણે દેવાનો બોજો સહન કરવો પડતો અને આજ કારણસર ભારતમાં સૌથી વધારે ખેડૂતો આત્મહત્યા કરે છે. આઝાદીના આટલા વર્ષે પછી પણ ખેડૂતોની આર્થિક સ્થિતિ આવી જ ને આવી રહી છે જેથી અનાજનો ખેડૂતો દિન પ્રતિદિન ખેતી થી વિરુદ્ધ જઈને ઉપયોગના ધંધા તરફ આગળ વધ્યો છે. ખેત જમીનના માલિકોને પોતાની જમીનના ભાવો વધુ મળતા ઉપયોગ માલિકોને આપી દે છે. કારણકે ખેડૂતોને આ સિવાય બીજો કોઈ રસ્તો જ નથી આ રીતે ભારતના ખેડૂતો પૈસાની લાલચમાં પોતાની જમીન વેચી ડે છે આમ ભારતમાં ખેતી લાયક જમીન પણ ઘટવા લાગી છે.

ભારતના ખેડૂતો કુદરના ભયંકર તફાતનો સામનો કરીને પરસેવો પાડીને મહેનત કરીને જમીનમાંથી ધન્ય મેળવે છે અને તેથી જ ભારત આજે અનાજ ક્ષેત્રે સ્વાવલંબી બન્યું છે પરંતુ ખેડૂતો કયા સુધી ઉત્પાદનમાં વધારો કરતા જય  પણ તેમણે જો માર્કેટિંગ વ્યવસ્થા જ ન મળે તો તેમની ખેત પેદાશોના વ્યાજબી ભાવો મળે નહિ ખેડૂતોને પેદાશ લેવાની જેટલી જરૂર છે. તેટલી જ જરૂર ફાજલ માલ વેચી ને નાણા ભેગા કરવાની છે ખેતીને ફાયદાકારક બનવવા માટે તેનું ખર્ચ ઓછુ થાય તે જરૂરી છે તેટલું જ જરૂરી ઉત્પાદન થયેલ માલની કિમત વધુ ઉપજે તે જોવાનું છે.

ખેડૂતોને પોતાની પેદાશના ભાવ માંદેતે માટે ખેત બજાર કાર્યક્ષમ હોવું ખુબજ જરૂરી છે પરંતુ સાથે ખેડૂતો અજ્ઞાન અને અભણ હોવાથી તેમની આર્થિક નબળી પરિસ્થિતિ હોવાથી ખેડૂતોનો સોદા શક્તિ નબળી હોય છે તો બીજી બાજુ વેપારીઓ આ નબળાઈનો ગેરલાભ ઉઠાવે છે જેથી ખેડૂતોને વેપારીઓનું દયા પણ જીવવું પડે છે અને બજારમાં તંદુરસ્ત હરીફાઈ રહતી નથી. જેને પરિણામે બજાર વસ્તુલક્ષી સ્વરૂપ ગુમાવે છે.

આપણે દેશ સમૃદ્ધ ત્યારે બેન જયારે ખેડૂત સમૃદ્ધ બને અને જેને પરિણામે દેશ માં ખેડૂતોને ખેત પેદાશના યોગ્ય પોષણક્ષમ ભાવ મળે સાથે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજાર મળે અને ધિરાણની સુવિધાઓ મળે

**માર્કેટયાર્ડનો ખ્યાલ**

ખેત પેદાશોના ખરીદ-વેચાણની ખામીઓ દુર કરવા માટે આ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવે છે.

- ખેત બજાર વિસ્તાર કોઈ ચોક્કસ સ્થળ ગામ શહેર પ્રદેશ દેશ કે વિદેશ મારે હોઈ શકે જેનો આધાર વસ્તુની માંગ એ પુરવઠાના વિસ્તાર પર છે. બજાર વિસ્તારમાં માલની ખેત પેદાશની નાણા સાથે વેચાણ અને વ્યાપાર મિશ્રિત ધોરણો પ્રમાણે વિનિમય થાય છે ખેત બજારમાં ખેત પેદાશોનો જથ્થો ભેગો કરવો તેનું વેચાણ કરવા તેની ગુણવત્તા નક્કી કરવી વગેરેનો સમાવેશ થાય છે. તેમજ
- આર્થશાસ્ત્રમાં બજાર એટલે એવી વ્યવસ્થા કે જ્યાં ખરીદનારાઓ અને વેચનારાઓ પ્રત્યેક્ષ અને પરોક્ષ રીતે એકબીજાના સંપર્કમાં આવી પ્રવર્તમાન કિમત વસ્તુ કે સેવાના કહ્રીદ કે વેચાણ અંગે

ISBN-978-81-973071-6-4
First Edition

સંમતિ દરર્શાવે ત્યારે બજાર અસ્તિત્વમાં આવે છે. જે નિયંત્રિત કરવામાં આવે છે આ બજારનો હેતુ ખેડૂતોના હિતની રક્ષા કરવાના હોય છે.

## ભારતમાં માર્કેટયાર્ડનો ઉદભવ અને વિકાસ

ભારતમાં કૃષિ ઉત્પાદનની ખરીદી- વેચાણનો ઈતિહાસ માનવ સંસ્કૃતિના પ્રારંભકાળ જેટલો પ્રાચીન છે. માનવી પશુપાલન વ્યવહારમાંથી ઉત્ક્રાંતિ થઇ અને માનવી ખેત કરતો થયો તે સમયે નાણાંકીય લેવ્સ-દેવળ અસ્તિત્વમાં આવી નહોતી તેથી ખેતી માટે ઓજારો સાધનો અને જીવન જરૂરી ચીજ વસ્તુઓ કૃષિકરો પોતાના વધારાનો અનાજના બળમાં વસ્તુ વિનિમય પદ્ધતિ દ્વારા કે સટા દ્વારા મેદ્વેતો વધારાનું અનાજ સાચવી રાખવાની કે માટી ની મોટી કોઠીઓમાં સંગ્રહ કરવાની રીતનો ઉપયોગ કરતો હતો.

ઉદ્યોગના વિકાસ થતા હજુ દેશના મોટાભાગની વસ્તી ખેતી કે તેના પર આધારિત ધંધા કે રોજગાર પર સંકળાયેલી છે. દેશને આઝાદી મેળ્યા બળ ખેત ઉત્પાદન વધારવા અને ખેડૂતોની હાલત સુધારવા પર વિચાર કરવામાં આવ્યો આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને ખેત પેદાશની સિધ્ધિઓ મેળવી ભારત આઝાદી પછી ખેતી અંગે ખેડૂતને સધ્ધર કરવાનું કાર્ય હાથ ધાર્યું ભારતનું અર્થતંત્ર કૃષિ પર આધારિત છે.

સાતમી પંચવર્ષીય યોજનામાં કૃષિ વિકાસ પર ધ્યાન આપવામાં આવ્યું છે. કૃષિ ક્ષેત્ર પ્રગતિ સિદ્ધ કરી પરંતુ કૃષિ ઉત્પાદનની ખરી-વેચાણ માર્કેટિંગ ના ક્ષેત્ર્ને આપણે ન્યાય આપી શકાય નથી આજે દેશની જરૂરિયાત કરતા ખેત પેદાશનું ઉત્પાદન થોડું ઓછુ હતું ત્યારે સમસ્યા હતી અને વધુ ઉત્પાદન કરતા હોઈ આ ખેતી ક્ષેત્ર્િ ગંભીર સમસ્યાઓ થવા લાગી ખેતી હવે મોંધી થઇ ને ખેડૂતો નવીન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં સક્ષમ હોતા નથી. તેથી માલ પકવીને સક્ષમ હોતા નથી તેથી માલ ઓછી કીમતે વેચવો પડતો ખેડૂતો માટે આ અત્યંત કારણ  પરિસ્થિતિ હતી આ પરિસ્થિતિનો અંત લાવવા ખેડૂતોનું જીવન ધોરણ ઊંચું લાવવા બજાર સમિતિની રચના કરવામાં આવી.

આમ ભારતમાં સૌપ્રથમ ઈ.સ. ૧૮૮૬ માં ભૂતપૂર્વ હૈદરાબાદ રાજ્યમાં કરંજ બજારનું નિયંત્રણ કરવામાં આવ્યું. પરંતુ આ દિશામાં કોઈ પગલાની શરૂઆત શૈયલ કમીશન અને એગ્રીકલ્ચરની ૧૯૨૮ની ભલામણો બહાર પડી ત્યારબાદ શરૂ થઇ કેન્દ્ર સરકાર પ્રતિય સરકારને નમ્રના રૂપ વિષયક મોકલાવેલ તેના આધારે ૧૯૩૮ બાદ ખેત પેદાશોના નિયંત્રણના કાયદાઓ જુદી-જુદી પ્રાંતીય સરકારોએ પસાર કાર્ય હતા. આમ, ભારતમાં ૧૯૩૧ થી ૧૯૪૦ના સમયગાળામાં કુલ ૭૮ માર્કેટયાર્ડ હતા જે વધીને ૧૯૪૧ થી ૧૯૫૦ના સમયગાળામાં વિધિને થયા ૧૯૬૧ થી ૧૯૭૦ ના સમયગાળામાં ૨૦૭૦ થયા ૧૯૭૧ થી ૧૯૮૦ ના સમયગાળામાં ૪૬૪૬ થાય ૧૯૮૧ થી ૧૯૯૦ ના ગાળામાં ૭૦૦૧ થયા હતા ભારતમાં હાલ. ૭૧૭૧ માર્કેટયાર્ડ છે. અને તેની સંખ્યામાં ઉત્તરોતર વધારો થતો રહ્યો છે. જો કે ભારતમાં નિયંત્રણ બજારોનો વિકાસ આંધ્રપ્રદેશ બિહાર ઓરિસ્સા ત્રિપુરા મધ્યપ્રદેશ ગુજરાત હિમાચલ પ્રદેશ અને મણીપુરમાં ખુબ સારો થયો છે. જયારે બાકીમાં રાજ્યોમાં વિકાસની ગતિ ધીમી છે.

આમ, ભારતમાં અત્યાર સુધી માર્કેટયાર્ડની સંખ્યા

ISBN-978-81-973071-6-4
First Edition

| વર્ષ | માર્કેટયાર્ડની સંખ્યા |
|---|---|
| ૧૯૩૧-૧૯૪૦ | ૭૮ |
| ૧૯૪૧-૧૯૫૦ | ૨૮૬ |
| ૧૯૫૧- ૧૯૬૦ | ૭૧૫ |
| ૧૯૬૧-૧૯૭૦ | ૨૦૭૦ |
| ૧૯૭૧- ૧૯૮૦ | ૪૬૪૬ |
| ૧૯૮૧-૧૯૯૦ | ૭૦૦૧ |
| હાલ | ૭૧૭૭ |

**ભારતમાં માર્કેટયાર્ડની રાજ્યવાર પ્રગતિ દર્શાવતું પત્રક**

| ક્રમ | રાજ્ય | ૧૯૩૧-૪૦ | ૧૯૪૧-૫૦ | ૧૯૫૧-૬૦ | ૧૯૬૧-૭૦ | ૧૯૭૧-૮૦ | ૧૯૮૧-૯૦ | ૧૯૯૧-૨૦૦૦ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | આંધ્રપ્રદેશ | ૧૦ | ૩૫ | ૮૬ | ૧૪૬ | ૫૨૫ | ૫૬૮ | ૮૫૯ |
| ૨. | આસામ | - | - | - | - | ૧૪ | ૩૨ | ૩૪ |
| ૩. | બિહાર-ઝારખંડ | - | - | - | ૧૨૧ | ૪૩૮ | ૭૯૭ | ૮૨૮ |
| ૪. | ગુજરાત | - | - | - | ૨૩૬ | ૨૯૭ | ૩૪૭ | ૩૯૭ |
| ૫. | હરિયાણા | - | - | - | ૧૦૦ | ૧૭૭ | ૨૫૭ | ૨૭૬ |
| ૬. | કર્નાટક | ૫ | ૨૩ | ૭૨ | ૧૬૮ | ૩૧૮ | ૩૯૭ | ૪૭૨ |
| ૭. | હિમાચલ પ્રદેશ | - | - | - | - | ૩૧ | ૨૨ | ૩૫ |
| ૮. | કેરલા | - | ૧ | ૪ | ૪ | ૪ | ૪ | ૫ |
| ૯. | મધ્યપ્રદેશ | - | 3 | ૮૬ | ૨૪૬ | ૩૧૭ | ૫૩૨ | ૬૧૨ |
| ૧૦. | મહારાષ્ટ્ર | ૫૨ | ૧૨૧ | ૨૮૦ | ૩૧૫ | ૫૧૨ | ૭૭૩ | ૮૪૭ |
| ૧૧. | મણીપુર | - | - | - | - | - | - | - |

ISBN-978-81-973071-6-4
First Edition

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨. | મેઘાલય | - | - | - | - | - | - | - |
| ૧૩. | પંજાબ | - | ૯૨ | ૧૩૨ | ૨૪૩ | ૪૮૧ | ૬૬૨ | ૬૭૦ |
| ૧૪. | ઓરિસ્સા | - | - | ૧૫ | ૫૪ | ૬૭ | ૧૩૦ | ૧૪૪ |
| ૧૫. | રાજસ્થાન | - | - | - | ૧૫૪ | ૨૯૭ | ૩૯૭ | ૩૯૦ |
| ૧૬. | તમિલનાડુ | ૧૧ | ૧૧ | ૩૭ | ૯૫ | ૨૧૯ | ૨૭૦ | ૨૭૦ |
| ૧૭. | ત્રિપુરા | - | - | - | ૧ | ૧ | ૨૧ | ૨૧ |
| ૧૮. | ઉત્તર પ્રદેશ | - | - | - | ૧૮૨ | ૬૧૬ | ૬૩૫ | ૬૪૫ |
| ૧૯. | પશ્ચીબંગાલ | - | - | - | - | ૧૧૬ | ૩૩૭ | ૫૮૭ |
| ૨૦. | ચંડીગઢ | - | - | - | ૨ | ૧૧૬ | ૩ | ૩ |
| ૨૧. | દિલ્હી | - | - | ૩ | ૩ | ૧૨ | ૧૩ | ૨૦ |
| ૨૨. | દીવ,દમણ, ગોવા | - | - | - | - | ૩ | ૨ | - |
| ૨૩. | પોંડીચેરી | - | - | - | - | ૧ | ૫ | ૬ |
| ૨૪. | ગોવા | - | - | - | - | - | - | ૬ |
| ૨૫. | મૌસુરી | - | - | - | - | - | - | - |
| ૨૬. | અરુણાચલ | - | - | - | - | - | - | - |
| ૨૭. | જમ્મુ-કાશ્મીર | - | - | - | - | - | - | - |
| ૨૮. | મોઝોરમ | - | - | - | - | - | - | - |
| ૨૯ | નાગાલેંડ | - | - | - | - | - | - | - |
| ૩૦. | સિક્કિમ | - | - | - | - | - | - | - |
| કુલ | | ૭૮ | ૨૮૬ | ૭૧૫ | ૨૦૭૦ | ૪૪૪૬ | ૬૨૧૭ | ૭૧૨૭ |

(પ્રાપ્તિસ્થાન ગુજરાત રાજ્ય કૃષિબોર્ડ ૧૯૮૫-૮૮, ૨૦૦૧)

૧.આમ, આંધ્રપ્રદેશમાં ૧૯૩૧-૪૦ દરમિયાન માર્કેટયાર્ડની સંખ્યા ૧૦ હતી જે ૧૯૬૧-૭૦માં ૧૪૬ થઇ એટલે કે ૧૩૬ નો વધારો થયો જે વધી ને ૨૦૦૦મ ૮૫૯ થઇ છે. એટલે કે
૩૩૪નો વધારો થયો છે. ૬૩.૫૧% છે.

૨. ગુજરાતમાં ૧૯૬૧-૭૦ ના સમયમાં ૨૩૬ હતી જે ૨૦૦૦માં ૩૯૭ થઇ

૩. કેરળમાં ૧૯૪૧-૫૦ માં ૧ હતી જે ૧૯૬૧-૭૦માં ૪ વધી અને ૨૦૦૦મા ૫ થઇ

ISBN-978-81-973071-6-4
First Edition

૪. મહારાષ્ટ્રમાં ૧૯૩૧-૪૦માં માર્કેટયાર્ડની સ્થાપનોની શરૂઆત ૧૯૪૧-૫૦ માં થઇ જેની સંખ્યા ૯૨ હતી જે વધી ને ૨૦૦૦માં ૬૭૦ થયા.

૫. મેધાલય મૈસુર મણીપુર અરુણાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, મીઝારમ, નાગાલેંડ સિક્કમ જેવા રાજ્યોમાં માર્કેટયાર્ડની સ્થાપના થઇ નથી.

૬. મધ્યપ્રદેશમાં ૧૯૫૦માં ૩ માર્કેટયાર્ડ હતા. જે વધીને ૧૯૮૦માં ૩૧૭ આમ ત્રીસ વર્ષમાં ૩૧૪નો વધારો થયો ૧૯૮૦ તુલનાએ ૨૦૦૦ માં ૨૯૯નો વધારો થયો છે.

૭. રાજસ્થાન ૨૩૬ બિહાર ઝારખંડમાં ૭૦૭, હરિયાણામાં ૧૭૬ હિમાચલ પ્રદેશમાં ૪ પશ્રિમ બંગાળમાં ૪૭૧ના વધારો થયો છે.

- ગુજરાત રાજ્યની ૧૯૬૦ સુધીની માહિતીનો સમાવેશે મહારાષ્ટ્રમાં થયો છે.
- ભારતમાં માર્કેટયાર્ડની સંખ્યામાં દસવર્ષો ગાળામાં થતો વધારો

| વર્ષ | માર્કેટયાર્ડની સંખ્યા | માર્કેટયાર્ડમાં વધારો | સંખ્યામાં વધારો |
|---|---|---|---|
| ૧૯૩૧-૪૦ | ૭૮ | - | - |
| ૧૯૪૧- ૫૦ | ૨૮૬ | ૨૦૮ | ૨૬૬.૬૭ |
| ૧૯૫૧-૬૦ | ૭૧૫ | ૪૨૯ | ૧૫૦.૦૦ |
| ૧૯૬૧-૭૦ | ૨૦૭૦ | ૧૩૫૫ | ૧૮૯.૫૧ |
| ૧૯૭૧-૮૦- | ૪૪૪૬ | ૨૩૭૬ | ૧૧૪.૭૮ |
| ૧૯૮૧-૯૦ | ૬૨૧૭ | ૧૭૭૧ | ૩૯.૮૩ |
| ૧૯૯૧-૨૦૦૦ | ૭૧૨૧ | ૯૧૦ | ૧૪.૬૪ |

(ગુજરાત રાજ્ય કૃષિ બોર્ડ ૧૯૯૬)

આમ, ભારતમાં ૧૯૩૧-૪૦માં ૭૮ હતા. જે વધીને દેશ વર્ષ ગાળામાં ૧૯૪૧-૫૦માં ૨૮૬ થયા જે વધીને ૧૯૯૧-૨૦૦૦માં ૭૧૨૧ થયા.

## ગુજરાતમાં માર્કેટયાર્ડનો ઉદભવ અને વિકાસ

જરાત રાજ્યની સ્થાપના ૧ મે ૧૯૫૦ના રોજ મુંબઈ રાજ્યમાંથી ૧૮ જીલ્લાઓ જુદા-પાડી ને ગુજરાત રાજ્યની રચના કરવામાં આવી હતી. ગુજરાત રાજ્યનું કુલ ક્ષેત્રફળ ૧૯૬૦૨૪ ચોરસ કિલો મીટર છે. ગુજરાત રાજ્ય ભારતની પર્શ્રીમમેં આવેલું રાજ્ય છે. જે ૨૫ જીલ્લા ૨૨૬ તાલુકા અને ૧૮૧૯૨ ગામડાઓ આવેલા છે જે ૧૬૦૦ કિલો મીટરનો દરિયાકિનરો ધરાવે છે. ગુજરાતમાં ધઉં, જુવાર બાજરી અને ડાંગર મહત્વના પાકો છે. જયારે મગફળી કપાસ, તમાકુ, ઇસબગુલ, વરીયાડીઓ, મહત્વના રોકડીયા પાકો છે. ભારતમાં ખેત પેદાશોમાં ગુજરાત રાજ્ય નું સ્થાન ધરાવે છે.

ગુજરાતમાં ૧૯૩૯ ના ૧ માર્કેટયાર્ડ કાર્યરત હતું તે વધી ને ૧૯૫૧ માં ૩૬, ૧૯૮૫ માં ૩૦૭, ૧૯૯૫માં ૩૮૫ અને ૨૦૦૯માં ૩૯૭ છે.

ગુજરાતમાં આ નિયંત્રિત બજારની પ્રક્રિયા કૃષિ ઉત્પાદનના નિર્ણયથી શરુથાય છે. જેમાં બજાર પદ્ધતિના વિવિધ પાસા છે. જેવા કે કાર્ય પદ્ધતિ અને સંસ્થાકાર્ય બાબતો જે આર્થિક અને ટેકનીકલ

ગણતરીઓ ઊપર આધારિત હોય છે તેમનો સમાવેશ થાય છે લાગણી પહેલા અને પછીની પ્રક્રિયા જુદી પડવી વર્ગીકરણ કરાવે સંગ્રહ કરવો તથા વાહનવ્યવહાર અને વેચાણીનો સમાવેશ થાય છે.

કહીલ્સના મતે.............

જે સમયે ખેડૂત પાસેથી ઉત્પાદન ગ્રાહક તરફ રવાના થાય અને ગ્રાહક સુધી પહોંચે ત્યાં સુધી નો દરેક તબક્કાઓમાં કૃષિ બજારમાં સમાવેશ થાય છે.

## નિયંત્રિત બજાર સંઘના ઉદેશો અને હેતુઓ

- બજાર સમિતિને મદદરૂપ થવું
- બજાર સમિતિને કામકાજમાં પડતી મુશ્કેલીઓ દુર કરવા યોગ્ય અધિકારીઓ પાસે મુશ્કેલીઓ રજુ કરવી.
- બજાર સમિતિઓના વિકાસ અને માર્ગદર્શન માટે પરિષદ બોલાવવી તથા પ્રદર્શન ભરવા
- બજાર સમિતિઓના નિયમન થયેલ ચીજોના ભાવ અન્ય બજાર સમિતિઓન મળી રહે તેવી વ્યવસ્થા કરવી.
- બજાર સમિતિઓને કામકાજમાં તેમજ લગતા-વળગતા ખાતાઓને દબાણ કરી અથવા રૂબરૂ પગલા લેવા.
- કૃષિ બજારો અંગે જરૂરી સંશોધનો કરવું
- નિયત્રિત બજારોમાં એકરૂપતા જળવાય તથા કાયદા પ્રમાણસર જળવાઈ રહેતે અંગે સભ્યોને સમજણ કે સુચન અપાવી.
- દરેક બજાર સમિતિને દોરવણી મળે તે માટે પ્રયત્નો કરવા.
- કાયદા કાનુન અંગે કોઈપણ સભ્યની અરજી આવે તો તે અંગે કાયદા નિષ્ણાતોની સલાહ લઇ યોગ્ય સુચના આપવી.
- માર્કેટયાર્ડમાં થતા બાંધકામના આદર્શન પ્લાન બનાવી કાયદા કાનુન મુજબ મંજુરી મેળવી તૈયાર કરવવા.
- ખેડૂતોને ઉત્પાદનના યોગ્ય ભાવ મળે રોકડામાં નાણા અને સાચો તોલમાપ મળે, હરાજી પધ્ધતીના ઉપયોગ થાય તે અંગે ખાસ ધ્યાન આપવું.
- બજાર સમિતિના દરેક કર્મચારી તથા ખેડૂતોના હિતોનું રક્ષણ થાય તેનું ધ્યાન રાખવું.
- બજાર નિયંત્રણ ધારો પેટા કાયદા તેમજ જુદા-જુદા બજારોમાં લેવાતા લગાઓ જેવા કે માર્કેટ ફ્રી , લાયસન્સ ફ્રી વગેરેની માહિતી એકઠી કરી તેનું ધોરણ સમાન રહે તેવા પ્રયત્નો કરવા.
- આવા બજારના દલાલના કમિશનના દર સરકાર દ્વારા નક્કી કરેલા હોય છે અને ખેડૂતો પાસેથી બીજા કોઈપણ પ્રકારના ફંડ ફાળા વસુલ કરવામાં આવતા નથી.
- આવા બજારો કોઈ એક ખેત પેદાશ માટે કે અનેક ખેત પેદાશના ખરીદ વેચાણ માટે હોઈ શકે છે.
- નિયંત્રત બજારની સ્થાપના તેને લગતા કાયદા દ્વારા કરવામાં આવે છે અને તેનું સંચાલન રહીને જ થાય છે.

ISBN-978-81-973071-6-4
First Edition

- આવા બજારમાં માલ ખરીદનાર વેપારીને અને દલાલે બજાર સમિતિ પાસેથી જરૂરી લાયસન્સ મેળવવું પડે છે.

## નિયંત્રિત બજાર સંઘના લાભાલાભ

**લાભ :-**

નિયંત્રિત બજાર સંઘથી ખેડૂતો અને વેપારીઓને ખેત પેદાશોના પોષણક્ષમ ભાવો, રોકડ ચુકવણી બિનજરૂરીયાત કપાતોમાંથી મુક્તિ વગેરે જેવા લાભો મોટા પ્રમાણમાં મળવા લાગ્યા છે. વેપારીઓને પણ એક ઠીકાણે ખેતપેદાશોની હરાજીમાં ખરીદી કરવાથી તેમનું વાહન વ્યવહાર ખર્ચ ઘટવા પામ્યું છે. અને એકજ સ્થળે ખરીદી વેચાણ કરવાથી સમય તથા ખર્ચનો દુર્વ્યય અટકયો છે. આ બધીજ પ્રક્રિયાઓ કાયદાના બંધનમાં રહીને થતી હોવાથી તે બધાજ વર્ગોને લાભકર્તા બનાવી શકાય છે.

**ગેરલાભ:-**

કાયદાકીય ગુંચવાણોને કારણે ધણીવાર નિયંત્રિત બજારોમાં અડચણો પેદા થાય છે. તેમાં વેપારી વર્ગના કારની બાબતમાં જુદા-જુદા કમીશન આપતા કપાતા હોય છે. જયારે ખેડૂતોને પાક તોળાઈ માટે દલાલી આપવી પડે છે અને વાહન વ્યવહારનો ખર્ચ ભોગવતો પણ પડે છે. જે તેમને આર્થિક રીતે પોષતું નથી જયારે કર્મચારીઓ, દલાલો વેપારીઓને પણ કાયદાના બંધનમાં રહીને કામ કરવાનું હોવાથી તેમણે ધણી બધી અગવડતાઓ સામનો કરવો પડે છે.

**કાયદો**

નિયંત્રિત બજારોની સ્થાપના ૧૯૫૦માં થઇ ત્યારે મુંબઈ એગ્રીકલ્ચર પોડ્યસર એક્ટ ૧૯૩૯ અમલમાં હતો જયારે ૧૯૬૦માં ગુજરાત રાજ્યની અલગ રચના કરવામાં આવી જેથી ગુજરાત એગ્રીકલ્ચર પોડ્યુસર માર્કેટ એક્ટ ૧૯૬૩ ને અમલી બનાવ્યો અત્યારે હાલ ૧૯૬૩ નો કાયદો ગુજરાતના નિયંત્રિત બજારોમાં અમલી છે જેમાં ૬૪ કલમો તથા પેટા લાકમોના સમાવેશ થાય છે જેમાં ખેડૂતથી માંડીને મોટા વેપારીઓ, આડતીયો, કર્મચારીઓ દલાલો, કમીશન એજન્ટો વગેરેને લગતી કલમોનો આ કાયદાનો સમાવેશ થાય છે. જયારે દરેક બજાર સમિતિને ચલાવવા માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેનો વહીવટ કરે છે જયારે તેમની દેખરેખ માટે સરકારે નીમેલા અધિકારીઓ ચલાવવા માટે ચૂંટાયેલા પ્રતીનીધીએ તેનો વહીવટ કરે છે જયારે તેમની દેખરેખ માટે સરકારે નીમેલા અધિકારીઓ બજાર ધરાનો અમલ થાય છે કે નહિ તેની તકેદારી રાખે છે. અને બજાર સમિતિના હિસાબો નીમેલા અધિકારીઓ પાસે તાપસ કરાવવા પડે છે અને કાયદાકીય રીતે સરકારનો પૂરેપૂરું અંકુશ રહે છે.

## આડેદરા સમિતિની ભલામણો

માલદેવજી આડેદરાની આધ્યક્ષ સ્થાને આ સમિતિની રચના કરવામાં આવે હતી તેની ભલામણો આ પ્રમાણે છે.

- ખેતીના ઉત્પાદનની વ્યાખ્યામાં વન પેદાશ અને મધમાખી ઉછેરનો સમાવેશ કરવો જોઈએ.
- નાણા ધીરનાર અને જનરલ એજન્ટ બનેને ખેડૂતના વર્ગમાંથી બાકાત રાખવા જોઈએ
- સમગ્ર બજારને તળબજાર તરીકે મહેર કરવું જોઈએ
- સેક્રેટરીને મુખ્ય અધિકારનો હોદો આપવો જોઈએ

- બજારયાર્ડ, બળબજારમાંથી વિસ્તારોને સમાવેશ કરવો બાકાત રાખવો કે બંધ કરવા અંગે જરૂરી જોગવાઈ કરવી જોઈએ
- બિન નિવાસી ખેડૂતોને મતદાર વિભાગમાંથી ચૂંટણી લડવામાંથી બાકાત રાખી શકાય એવી કાયદાકીય જોગવાઈ કરવી જોઈએ
- સ્થળ ઊપર ચુકવણી કરવાનાં કાયદામાં યોગ્ય જોગવાઈ કરવી જોઈએ.
- ચૂંટાયેલ બજાર સમિતિની મહતપાંચ વર્ષીય રાખવી.
- બજાર સમિતિના સભ્યોની ગેરલાયકાત અંગે કાયદામાં જોગવાઈ કરવી.
- સરકારી પ્રતિનિધિત્વ તરીકે વિસ્તરણ અધિકારીને બદલે તાલુકા અધિકારીને નિયુક્ત કરવા.
- ઉત્પાદકોને ઓછામાં ઓછુ ૫૦% પ્રતિ નીધીત્વ આપવા માટે એમનું પ્રતિનિધિત્વ ૮ થી વધારી ૯ કરવું જોઈએ.
- અધ્યક્ષ ઉપદયક્ષના હોદોની મુદત બજાર સમિતિની મુદત જેટલી જે રાખવી.
- અધ્યક્ષ ખેડૂત સભ્યોને ખરીદ વેચાણ મંડળીઓના મતદાર મંડળીમાંથી ચૂંટવો અને તે ખેડૂત જ હોવા જોઈએ.
- ખરીદી કરનાર પાસેથી બજાર ફિ વસુલ કરવાનો સિધ્ધાંત રાજ્યમાં લાગુ પડવો જોઈએ.
- પછાત વિસ્તારમાં આવેલી બજાર સમિતિઓ ૫૦% લોન અને ૫૦% આર્થિક સહાય દ્વારા આપતી નાણાંકીય સહાયનું હાલનું ધોરણ ઉદાર બનાવવા સરકારે વિચારવું જોઈએ.
- બજાર ફીની બાબતમાં ઔદ્યોગિક પેઠીઓને આપમાં આવતી છૂટછાટ પછી ખેંચી લેવી જોઈએ
- ગૌણ ગુનાઓની બાબતમાં સમિતિઓને પત્તાવટ કરવાની સત્તા આપવી જોઈએ
- ગુનાઓ માટે કેદ તેમજ દંડ એમ બને કરવાની જરૂર નથી તેમ છતાં નિયત કરાયેલી શિક્ષામાં વધારો કરવાનું જરૂરી છે.
- બજાર સમિતિઓને વધારાના ફંડનું રોકાણ સરકારી બેન્કોમાં કરવાની છે આપી જોઈએ.
- બજાર સમિતિઓને વસુલ ન થઇ શકે તેવી લેણી નીકળતી રકમની માંડવાળ માટે કાયદાકીય જોગવાઈ કરવી જોઈએ
- વજન અને માપની બાબતોમાં વધુ સત્તાઓ માગવા કરતા કાયદાના ચાલ માળખામાં રહીને યોગ્ય પગલા લેવાયેલ બજાર સમિતિએ જોવું જોઈએ.

## ગુરુ સમિતિની ભલામણો

- ગુરુ શંકરલાલ મોહનલાલ અધ્યક્ષ સ્થાને એક સમિતિની રચના કરવામાં આવી હતી જેને ૧૯૮૩માં "ઉચ્ચખેત બજાર સુધારણા " નામનો અહેવાલ ગુજરાત સરકારને સુપરત કર્યો જેની ભલામણો નીચે મુજબ છે.
- જંગલ પેદાશોને નિયંત્રણમાં લેવાનું આ સમિતિને ખુબજ આવશ્યક લાગે છે.
- ખેડૂતની વ્યાખ્યામાં સમાવેશ કરવો જોઈએ

- બજાર સમિતિમાં બધાજ ખેડૂતોને ખેડૂતમત વિભાગમાં મત આપવાનો અધિકાર કર્નાટક રાજ્યના અધિનિયમનમાં થયેલ જોગવાઈ મુજબ આપવો જોઈએ અને ચુંટણીનું કાર્ય મહેસુલ ખાતાને સુપરત કરવું જોઈએ.
- બજાર સમિતિનું કાર્ય સરળતાથી ગોઠવાઈ શકે અને વ્યાપારમાં મુશ્કેલી ન પડે તે માટે સ્થાનિક સ્વતંત્ર બજારોની અસ્કયામતો બજાર સમિતિને તબદીલ કરવા અંગે કાયદાકીય જોગવાઈ કરવી.
- સમિતિની મહાત પૂરી થાય અને બીજી સમિતિ અસ્તિત્વમાં ન આવે તો જે એ સમિતિ આપો-આપ રદ ગણાશે.
- બજાર સમિતિના વિકાસ કામો માટે સિમેન્ટ તેમજ લોખંડનો અલગ ક્વોટા ફાળવવો જોઈએ અને જે વસ્તુઓ રેટ કોન્ટ્રાક્ટ થી મળતી હોય તે વસ્તુઓ બજાર સમિતિને પણ રેટ કોન્ટ્રાક્ટથી મળતી જોઈએ
- અનુસુચિત જાતિ, જનજાતિના ખેડૂતો માટે આ એક બેઠક અનામત રાખવી જોઈએ ખેડૂતોને હાલની જે બેઠકો છે તે ઉપરાંત વધારાની આ બેઠક હોવી જોઈએ.
- બજાર ફી ખરીદ કરનાર પાસેથી વસુલ કરવી જોઈએ એવી સ્પષ્ટ જોગવાઈ કાયદામાં કરવી જોઈએ
- બજાર સમિતિના ઓડીટ માટે ઓડીટ ફરીના ફી ના દરો નક્કી કરવાની જોગવાઈ અધિનિયમનમાં કરવી જોઈએ.
- ઓકટ્રોટની બાબતમાં આપવામાં આવેલ સવાલોક્ષાનો કાયદાકીય જોગવાઈ કરવી જોઈએ
- તોલમાપન કાયદા હેઠળ જરૂરી સત્તા બજાર સમિતિને આપવી જોઈએ.
- ધારા સભ્યશ્રીઓને બજાર સમિતિનું પ્રતિનિધિત્વ આપવાની જરૂર નથી.
- પ્રથમ વખત કરેલ ગુનાહ બદલ કેદ તેમજ દંડ એમાં બને સજા કરવી યોગ્ય નથી તેમ છતાં હાલની જોગવાઈઓમાં સુધારા કરવા આવશ્યક છે.
- બજાર સમિતિની લોગી અને વસુલ ન થઇ શકે તેવી રકમ માંડવાળ કરવાની જોગવાઈ કરવી.
- ખેડૂતોએ મુકેલા માલની વેરહાઉસ રસીદ ઊપર બેંક દ્વારા નાણા સરળતાથી મળી શકે તે રીતનો વ્યવહાર અભિગમ અને પ્રથા બેંકોએ અપનાવી જોઈએ.

## નિયંત્રિત બજારની સ્થાપના પહેલા ખેત પેદાશની વેચાણ વ્યવસ્થાઓની મર્યાદાઓ:-

- ભારત એ ખેતીપ્રધાન દેશ છે ભારતમાં આઝાદી પૂર્વે ખેડૂતો અનાજનું ઉત્પાદન પોતાના ગુજરાન પુરતું કરતા હતા. પરતું સમય જતા ખેતી ક્ષેત્રનો વિકાસ થવાથી તથા વાણીજ્યકારણ થતા બજારનું મહત્વ સમજાવ્યું ખેડૂતો ઘઉં બાજરી, જુવાર, તથા અન્ય પાકોનું, ઉત્પાદન પોતાનું વેચાણ વ્યવસ્થિત બજારની જરૂરિયાત ઉદભવે છે. વાહન વ્યવહાર અને માલની સંગ્રહની વ્યવસ્થાની જરૂરિયાત ઉદભવે છે પરંતુ ભારતમાં આ પ્રકારની વ્યવસ્થાનો અભાવ ભારતીય ખેડૂતોનું વર્ષોથી શોષણ થતું આવ્યું છે તેમને પોતાની પેદાશન વેચાણ શાહુકારો, જમીનદારો, વેપારીઓ, હાટ બજાર કે મંડી બજારમાં આડતિય દલાલ કે ફેરીયાઓને દ્વારા થતું જેથી તેમણે યોગ્ય ભાવો મળતા નથી અને ખેડૂતોનું આર્થિક રીતે સતત શોષણ થતું રહ્યું છે.

ISBN-978-81-973071-6-4
First Edition

- યુનોની બજાર સંમતી એ જણાવ્યું કે 'જ્યાં સુધી ઉત્પાદકથી વાપરનાર સુધી અનાજ પહોંચાડાય નહિ અને તે પણ ઉત્પાદન ને યોગ્ય વળતર મળે અને વાપરનારની ખરીદ શક્તિની મર્યાદામાં હોય તે ભાવે ત્યાં સુધી અનાજનું ઉત્પાદન વધારવું કે પોષણના ધોરણો સ્થાપવા નિર્થક છે. આ હકીકત બધી ખેત પેદાશોને લાગુ પડે છે.

## ખેતપેદાશોની ખરીદ-વેચાણ પધ્ધતિની ખામીઓ

### ૧. ધિરાણની અપૂરતી સગવડ

કહેવાય છે "ભારતનો ખેડૂત દેવામાં જન્મે ને દેવામાં જીવે છે અને દેવામાં મૃત્યુ પમે છે." ભારતનો ખેડૂત ગરીબ છે સાથે તે અભણ છે ખેડૂતોને પોતાની પેદાશોના યોગ્ય ભાવ મળે ત્યાં સુધી આર્થિક સંકડામણને લીધે પોતાની પેદાશ સંગ્રહ શકતો નથી. આથી નબળી આર્થિક સ્થિતિને લીધે તેની પેદાશનું કસમયે વેચાણ કરવું પડે છે આથી તેને યોગ્ય ભાવો મળતા નથી તે પોતાનો માલ ગામના શાહુકારોને નીચી કિમતે વેછે છે ઉપરાંત બધાજ ખેડૂતો એકજ સાથે માલ વેચાણ માટે બજારમાં લાવે છે. આથી બજારમાં પુરવઠો વધતા ભાવો ઘટે છે આમ, ધિરાણની અપૂરતી સગવડોને લીધે ખેડૂતોને આર્થિક ભીડને દુર કરવા તેમની પેદાશનું કસમયે વેચાણ કરવું પડે છે અને આ સમય યોગ્ય ભાવ મેળવી શકતા નથી અને શોષણ થાય છે.

### ૨. સ્થાનિક બજારોમાં વેચાણ

ખેડૂતો ગરીબ હોવાથી ઉત્પન્ન કરેલો માલ મુખ્ય બજારમાં દુર લઇ શકતો નથી. આથી મોટા ભાગના ખેડૂતો ખેતપેદાશનું વેચાણ સ્થાનિક બજારોમાં કરવામાં આવે છે. જેને લીધે ખેડૂતોને ઓછો ભાવ મળે છે. જેના માટે આ કારણો છે.

- વાહન વ્યવહારની અપૂરતી સગવડોને લીધે દુરના બજારો સુધી વેચવા લઇ જઈ શકતો નથી.
- ખેડૂતો શાહુકારના દેવાદાર હોવાથી ફરજીયાત રીતે શાહુકારને વેચાણ કરવું પડે છે.
- વિકૃપયાત્ર અધિશેષ ઓછો હોવાથી દુરના બજારમાં વેચાણ કરવાનું પરવડતું નથી.

### ૩. ખેતપેદાશની સંગ્રહની અપૂરતી સગવડો

નિયંત્રિત બજારોની સ્થાપના પછી ખેડૂતો પાસે પેદાશની સંગ્રહ માટે સગવડો  ઓછી હતી આથી ખેડૂતો ખેત પેદાશોનો સંગ્રહ માટીની કોથીઓમાં કરતો આથી ઉંદર તથા જીવજંતુઓ ૧૫ થી ૨૦% માલનો બગાડ થતો અને માલની ગુણવત્તા પણ ઘટતી તેથી કસમયે ખેડૂતો માલનું વેચાણ કરતા અને યોગ્ય ભાવો મળી ન રહેતા.

### ૪. અપૂરતી વાહન વ્યવહારની સગવડો

આજે પણ દેશમાં ગામો અને શહેરો વેચ્ચે પાકી સડકો કે રેલ્વે માર્ગો જોવા મળતા નથી તે પણ અપૂરતા પ્રમાણમાં જેથી તે પણ અપૂરતા પ્રમાણમાં જેથી ખેડૂતો પોતાની ખેતપેદાશો બજાર સુધી વેચાણ માટે લઇ જઈ શકતા નથી અને સ્થાનિક બજારમાં મળતા નથી.

ISBN-978-81-973071-6-4
First Edition

## બજારમાં પ્રવર્તતી ગેરરીતિઓ

### ૧. દલાલી:-

ખેડૂતોને પેદાશ હાટ કે મંદીમાં વેપારી સીધે સીધો ખરીદતો નથી પરંતુ મધ્યસ્થી તરીકે દલાલ કે આદતીયો હોય છે જેમની દલાલી કપાઈ ને ખેડૂતને પેદાશની કિમંત ચૂકવાયેલ છે જેથી ખેડૂતોને આર્થિક ગેરલાભ થાય છે. કેટલીકવાર દલાલો વેપારી અને ખેડૂત બને પાસેથી કમીશન લે છે અને ખેડૂતો ગેરલાભ થાય છે.

### ૨. દલાલોની ગેરરીતિઓ

દલાલ કે વેપારી જયારે ખેડૂત પાસેથી માલ ળે છે ત્યારે વધારો અનાજ લે  છે.

### ૩. જુદા-જુદા પ્રકારની વસુલાતો

- કોથળામાં માલ ખરાબ કે કચરો નીકળશે તે બહાને વજન ઓછુ ગણવું.
- ખેડૂતો પાસેથી નમુના તરીકે જરૂરિયાત કરતો વધુ માલ લેવામાં આવે છે કે જેના નાણા ચૂકવવાના હોતા નથી.
- બારદાનનું ભાડું સુત્ટીની કિંમત તોળાઈ વગેરે લાગો પણ ખેડૂત પાસેથી લેવાવ્યું છે.

### ૪. તોલમાલની ગેરરીતિઓ

ભારતમાં મોટાભાગના ખેડૂતો અભણ હોવાથી તેનો લાભ દલાલો ઉઠાવે છે ભારતમાં જુદા-જુદા સ્થળે જુદા-જુદા તોલમાપન ધોરણો પ્રવર્તતા હતા. તેમાં કેટલીક ગેરરીતિઓ જોવા મળતી હતી જેમકે માલ. જોખવાના કાંટા નીચે ખાલી જગ્યામાં શીશા જેવો ભારે પદાર્થ ભરવામાં આવતો પથ્થરોનો વજનીયા તરીકે ઉપયોગ થતો અને આ રીતે ખેડૂતોનું શોષણ થતું પરતું ૧૯૬૬ માં ભારતમાં તોલમાપની મેટ્રિક પદ્ધતિ અમલમાં આવી તે પેહલા આવી તોલમાપની અનેક ગેરરીતિઓ જોવા મળતી હતી.

### ૫. વટાવની રકમ :-

ખેડૂત જયારે પોતાનો માલવેચે છે ત્યારે મધ્ય સ્થીઓને કમીશન દલાલી તોલમાપની વિવિધ ગેરરીતિઓ તથા વિવિધ પ્રકારની વસુલાતો ચૂકવ્યા બાદ  ખેડૂતોને નાણા રોકડમાં ચુકવવામાં આવે છે આથી ખેડૂતને ઓછી નાણા મળે છે. અને શોષણનો ભોગ બને છે.

### ૬. ગ્રેડીગ પદ્ધતિનો અભાવ

બજારમાં આવતી પેદાશોને વર્ગીકરણના અભાવને લીધે જુદી- જુદી ગુણવત્તાવાળા માલ માટે યોગ્ય કિમત નક્કી કરવામાં મુશ્કેલી અનુભવાય છે તેથી કિમત અને ગુણવત્તા વચ્ચે યોગ્ય સંબંધ જળવાતો નથી યોગ્ય કિમત મળતી નથી.

### ૭. મધ્યસ્થીઓની મોટી સંખ્યા

ભારતમાં ખેડૂતોને મળતી  કિમંતમાં મોટો તફાવત રહે છે. આનું કારણ પેદાશની વેચાણ વ્યવસ્થામાં મધ્યસ્થીઓની મોટી સંખ્યા છે વસ્તુની કિંમતના ૫% આવા મધ્યસ્થીઓને ફાળે જય છે ભારતમાં ૩૩% માંધ્યસ્થીઓને ફાળે જય છે જેથી ખેડૂતો વ્યાજબી ભાવ મળતા નથી.

ISBN-978-81-973071-6-4
First Edition

### ૮. ખામીયુક્ત ભાવ નિર્ધારણ પ્રથા

ખેડૂતોને પેદાશના નક્કી ભાવો કરવા માટે અલગ- અલગ પદ્ધતિઓ અસ્થીત્વ ધરાવતી હોવાથી ખેડૂતોને નુકશાન જય છે ખેડૂતો તેનાથી અજાણ હોવાથી તેમનો લાભ ઉઠાવી શોષણ કરવામાં આવે છે અને ખેત પેદાશોના યોગ્ય ભાવો મળતા નથી.

### ૯. ખેડૂતોની ગેરરીતિઓ

ખેડૂતો પોતાના માલમાં માટી, કાંકરા વગેરેની ભેળસેળ કરી વજન વધારતા હોય છે તેઓ માલમાં પાણી છાંટે છે જુનો અને ખરાબ માલ ભેળવે છે આમ કરવા જતા ખેડૂતો પકડાઈ જય છે ત્યારે વેપારી તેના માલનો કદડો કરી ખુબજ ઓછી કિંમત ચુકવે છે.

### ભાવનિર્ધારણ માટે ઉપયોગમાં લેવાતી પદ્ધતિઓ

### ૧. નમુના પદ્ધતિ

આ પદ્ધતિમાં ખેડૂતોના માલના નમુના તપાસીને દલાલો તેમાં આધારે ભાવ ચુકવે છે અને નમૂનામાં લીધેલ માલને વજનમાં નાગણી ખેડૂતોનું શોષણ કરે છે.ભાવ નક્કી કરે છે અને માલ લીધા બળ નમુના મુજબ માલ નથી ઉતરતી ગુણવત્તાવાળો માલ છે ખરાબ થઇ ગયો છે તેવા બહાના હેઠળ ઓછા ભાવ ચુકવે છે અને નમૂનામાં લીધેલ માલને વજનમાં ન ગણી ખેડૂતોનું શોષણ કરે છે.

### ૨. હથ્થા પદ્ધતિ

આ પદ્ધતિમાં વેપારીઓ દલાલ એક કપડા નીચે હાથને ઢાકીને આંગળીઓ દ્વારા ખેડૂતોના ખેત પેદાશનો ભાવ નક્કી કરે છે આ ભાવ નિર્ધારણથી ખેડૂતો અજાણ હોય છે અને દલાલ અને વેપારીઓ એકબીજાથી મળેલા હોય છે આમ, દલાલો નીચા ભાવ નક્કી કરી વેપારીઓ અને ખેડૂતો બને પાસેથી દલાલી મેળવે છે જેથી ખેડૂતોને નીચા ભાવ મળે છે.

### ૩. દારા પદ્ધતિ

આ પદ્ધતિમાં ખેડૂતની પેદાશનું વર્ગીકરણ કરીને માલની ગુણવત્તાના પ્રમાણે ભાવ થાય છે છતાં વેપારી ખેત પેદાશના વર્ગીકરણ બહાને ઓછા ભાવ આપીને શોષણ કરે છે.

### ૪. હરાજી પદ્ધતિ

આ પદ્ધતિમાં વેપારીઓ અને દલાલો બોલો બોલે છે જેનો માલનો ઉંચો ભાવ બોલે તેને ખેત પેદાશનું વેચાણ કરવમાં આવે છે. આપણને પ્રથમ નજરો લાગશે કે પેદાશના યોગ્ય ભાવ મળશે પરંતુ આ પદ્ધતિમાં વેપારીઓ અને દલાલો પહેલે થી જ મંત્રણા કરી ચુક્યા હોય છે જેથી ખેડૂતો શોષણનો ભોગ બને છે.

ખેતપેદાશના વેચાણતંત્ર ગોઠવવા માટે કેટલીક બાબતો પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ જેમકે ખેડૂતોની સોદા શક્તિ સુધરે અને યોગ્ય ભાવ મળી રહેતે માટે પગલા લેવું જોઈએ ખેડૂતોની સોદા શક્તિ સુધરે અને યોગ્ય ભાવ મળી રહે તે માટે પગલા લેવા જોઈએ ખેડૂતોની તેમની પેદાશોમાં બજાર અંગેની દિન પ્રતિદિન માહિતી મળતી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ ખેતપેદાશોની વેચાણતંત્રમાં મોસમ દ્વારા તેની પેદાશો સંગ્રહ કરી શકે છે આમ, આ સંદર્ભમાં સંગઠિત અને નિયંત્રિત બજારો ખેડૂતોને તેમના માલના યોગ્ય ભાવ મળી રહે અને ખેડૂતોની સ્થિતિમાં સધ્ધર લાવી શકાય છે.

ISBN-978-81-973071-6-4
First Edition

## નિયંત્રિત બજાર વ્યવસ્થા

ખેત પેદાશોના ખરીદ વેચાણની ખામીઓ દુર કરવા માટે નિયત્રિત બજાર વ્યવસ્થે શરુ કરવામાં આવી છે

## નિયંત્રિત બજાર એક સૈદ્ધાંતિક વિશ્લેષણ

નિયત્રિત બજારની કામગીરી નું વિશ્લેષણ બજારની કાર્યક્ષામતાના જુદા જુદા પાસાઓના સંદર્ભમાં કરવાનો પ્રયત્નો કરવામાં આવ્યો છે

અહી આપણે એક પરિકલ્પના સાબિત કરવા માંગીએ છીએ કે નિયત્રિત બજાર પૂર્ણ હરીફાઈ બજારનું લક્ષણો ધરાવે છે બજાર સંગઠન કાર્યક્ષમ સ્વરૂપનું છે ત્યારે જ કહી શકાય કે જ્યાં કોઈ એક સમયે બે પ્રદેશો વચ્ચેનું કિંતોનો તફાવત તેના વાહન વ્યવહાર ખર્ચની મર્યાદામાં હોય અને તે સમયગાળાનો ભાવ તફાવત તેના સંગ્રહ કરતા ન વધી જય તથા પેદાશોની કિંમતો તેની માંગ અને પુરવઠાની વાસ્તવિક પરિસ્થિતિને આધારે નક્કી થાય તોતે બજારનું માળખું કર્યક્ષામ છે તેમ કહી શકાય એકમલક્ષી અર્થશાસ્ત્ર પૂર્ણ હરીફીવાળું બજારને શ્રેષ્ઠ આદર્શ તથા કર્યક્ષામ બજાર છે જેના લક્ષણો નીચે પ્રમાણે છે.

૧. અનેક ખરીદનાર

૨. અનેક વેચનાર

૩. સમાનગુણી એકમો

૪. મુક્ત અવર- જવર

૫. સંપૂર્ણજ્ઞાન

૬. ઉત્પાદનના સાધનની મુક્ત ગતિશીલતા

આર્થિક અને સામાજિક હેતુઓને સિદ્ધ કરવા માટે નિયંત્રિત બજારો અસ્તિત્વમાં આવ્યા જેની કામગીરી નીચેની શરતો આધીન હોય છે.

- ભાવ સ્થિરતા
- બજારનું સંકલન
- ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓની ગેરહાજરી
- વધારે નફાની ગેરહાજરી
- પ્રાપ્ત સગવડો
- સ્ટાફની મદદ અને માર્ગદર્શન
- તરત ચુકવણી
- વિવાદનો ઝડપી નિકાલ
- બગાડની ગેરહાજરી
- બજાર અંગેની માહિતી

અહી નિયત્રિત બજારમાં પૂર્ણ હરીફીવાળા બજારની લાક્ષણિકતા કેટલીક ચર્ચા કરવામાં આવી છે. જેમકે અનેક વેચનારા અને અનેક ખરીદનારી હોવાથી તેઓ બજાર કિમત પર કોઈ અસર કરી શકશે નહિ પ્રવેશ અંગે સ્વતંત્ર બજાર અને પરિવર્તન શીલતા અને બજારની સ્થિરતા અને લાંબાગળાના ભાવ ફેરફાર

વિશે ચર્ચા કરવામાં આવે છે અને અભ્યાસમાં છેલ્લે બજારની કાર્યક્રમ પરિસ્થિતિને અસર કરતાં બિનઆર્થિક પરિબળો જેવાકે વળતર, સ્ટાફની મદદ ઝડપી ઝાઘ્દાનો નિકાલ, ઉઠાંતરી બગાડની ગેરહાજરી સંપૂર્ણ માહિતી વગેરે મુદાની સૌધાંતિક પાસાઓને ધ્યનમાં રાખી ને બજારની કાર્યક્ષમતાની ચર્ચા અભ્યાસમાં કરીશું.

આમ છતાં પૂર્ણ હરીફીવાળા બજારમાં સરકારે હસ્તક્ષેપ કરીને ખેડૂતોના હિત ખાતર ગુજરાત રાજ્યની ક્ખેત ઉત્પાદન ખરીદ વેચાણ સમિતિ ઓને નિયત્રિતમાં લીધેલી છે જે મુજબ સરકારના નિયમોનું પાલન અને કાયદાને આધીન રહી વહીવટી કરે છે આવી 'બજાર સીમીતીઓ દર વર્ષ દરેક ખેતપેશાની તળિયાના ટોચના ભાવો પ્રસિદ્ધ કરે છે આ પ્રસિદ્ધ ભાવોને આધીન રહીને ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ કામ કરે છે અને તે ભાવો ખેડૂતો સ્વીકારે છે અને તે ભાવો ખેડૂતો સ્વીકારીને વેચાણ કરે છે '

નિયંત્રિત બજારમાં સરકારનો હસ્તક્ષેપ આવે છે. કાનૂની હસ્તક્ષેપનો મુખ્ય હેતુ ખેડૂતોને તેમની પેદાશના ભાવો મળેતે જોવાનું છે એનો અર્થ એવો કે સંપૂર્ણ હરીફીવાળા બજારમાં ખેડૂતોને તેમની પેદાશોના જે ભાવો મળે ચેતે હંમેશા પોષણક્ષમ હોતા નથી સમાજના અન્ય ક્ષેત્રમાં થતી આર્થિક પ્રવૃત્તિમાં જે ભાવો વિકેતાને મળે છે તે સરકાર દ્વારા કાયદા દ્વારા ઉભા કરવામાં આવે છે જેને લીધે મુક્ત હરીફીવાળા બજારની પ્રક્રિયામાં સરકાર હસ્તક્ષેપ દ્વારા બજારમાં ખેતપેદાશોમાં પ્રવતમાન ભાવોને અસર કરે છે.




અહી આકૃતિમાં બજારમાં માંગ અને પુરવઠા દ્વારા વસ્તુની કિમંત નક્કી થાય છે. ત્યારે બજારમાં પૂર્ણ હરીફાઈની સ્થિતિ પ્રવર્તમાન છે એમ કહી શકાય આકૃતિ OX ધરી પર વસ્તુની માંગ એ પુરવઠો OY ધરી પર વસ્તુની કિમંત દર્શાવી છે DP માંગ રેખા અને SS એ પુરવઠા રેખા છે.

આ બને રેખાઓ એકબીજાને E બિંદુએ છેદે છે જે કિંમત વસ્તુ બજારમાં પ્રાપ્ત થાય છે જે પૂર્ણ હરીફાઈવાળા બજારમાં શક્ય છે.

ISBN-978-81-973071-6-4
First Edition

**જયારે વસ્તુનો પુરવઠો સ્થિત હોય અને માંગ વધી હોય ત્યારે**




ઉપરોક્ત આકૃતિમાં બજારમાં પુરવઠો માર્યાદિત હોય ત્યારે ભાવોના સતત વધારો થાય છે કારણકે માર્યાદિત પુરવઠા સામે માંગમાં વધારો થાય છે. આકૃતિમાં SS પુરવઠો રેખા અને PD માંગ રેખા છે જે બજારમાં P કિંમતે સમતુલા પ્રાપ્ત કરે છે પરંતુ ગ્રાહકોની માંગ વધતા D1 D1 નવી માંગરેખા અસ્તિત્વમાં આવે છે. જયારે પુરવઠો માર્યાદિત હોય જેથી ભાવો સાથે સાથે વધે છે અને ગ્રાહકોની માંગમાં વધારો થતા D2 D2 નવી માંગ રેખા અસ્તિત્વમાં આવતાવળી પાછા ભાવો વધે છે આમ, બજારમાં પુરવઠો માર્યાદિત હોવાથી અને માંગમાં વધારો થવાથી ભાવો વધે છે. આમ, બજારમાં વધારો થવાથી ભાવોમાં સતત વધારો જોવા મળે છે.

- **જયારે વસ્તુની માંગ સ્થિર હોય અને પુરવઠો વધતો જતો હોય ત્યારે**




ઉપરોક્ત આકૃતિમાં જયારે બજારમાં વસ્તુની માંગ સ્થિર હોય અને વસ્તુનો પુરવઠો વધતો જતો હોય ત્યારે વસ્તુના ભાવોમાં ઘટાડો થતો જય છે આકૃતિમાં માંગ રેખા SS પુરવઠારેખા છે બજારમાં પુરવઠા રેખા S1S1 અસ્થિત્વમાં આવે છે ત્યારે વસ્તુની કિંમત ઘટે છે અને પાછો પુરવઠો વધતા નવી પુરવઠા રેખા

S2S2 અસ્થિત્વમાં આવે છે અને ભાવો વધુ નીચા જય છે આમ, વસ્તુની માંગ સ્થિર હોય અને સામે પુરવઠામાં વધારો થતો હોયતો વસ્તુનો ભાવો ઘટે છે.

### સરકારના હસ્તક્ષેપ બળ જોવા મળતી સ્થિતિ




ઉપરોક્ત આકૃતિમાં જયારે સરકાર નિયંત્રત બજારમાં હસ્તક્ષેપ કરીને ખેત પેદાશને વેર હાઉસમાં સંગ્રહ કરી પુરવઠો નિયંત્રિત કરે છે ત્યારે ઉપરોક્ત પરિસ્થિતિ જોવા મળે છે. ઉપરોક્ત આકૃતિમાં SS પુરવઠો રેખા છે P1P1 છે જે કરીથી વધીને P2P2 થાય છે પરંતુ સરકાર હસ્તક્ષેપ દ્વારા બજાર પુરવઠાને નિયંત્રિત કરે છે આમ, પુરવઠો નિયંત્રિત થવાથી ભાવમાં વધારો થાય છે. નિયંત્રિત બજાર ઉત્પાદક તરીકે પુરવઠાનું સંચાલન કરે છે. આમ, સરકારને બાંધેલા ભાવોને આધીન આવા નિયંત્રિત બજારો ખેત પેશાશોનું ખરીદ વેચાણ કરતાં હોય છે.

સરકારમાં હસ્તક્ષેપ પુરવઠા રેકાહ જે બજારમાં સંપૂર્ણ મૂલ્ય અનપેક્ષ બને છે આ રીતે વધતી માંગના સંદર્ભમાં પુરવઠાની મુલ્ય અનપેક્ષત બજારોમાં ખેતપેદાશોના ભાવ વધારે છે જેને લીધે બજાર સંપૂર્ણ હરીફીવાળું હોવા છતાં ખેતપેદાશના ભાવો સતત વધતા જોવા મળે છે.

આમ, આ પ્રકારની પ્રક્રિયા દ્વારા સરકાર ખેડૂતોને સારા અને વધારે ભાવો મળી રહે તેવી વ્યવસ્થા કરે છે જે મુજબ ખેડૂતોને હિતના ધ્યાનમાં રાખી સરકાર પગલા લે છે.

### કડી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ એક વિશ્લેષણ

### કડી શહેરનો પરિચય

- કુલ ગામ- ૧૨૨
- શહેરી વિસ્તાર :- ૧ (કડી)
- ક્ષેત્રફળ :- ૮૨૯૬ ચો.કિમી
- આબોહવા:- વિષમ

ISBN-978-81-973071-6-4
First Edition

- વાવેતર વિસ્તાર:- ૮૨૭૨૭૦૫૨ હેક્ટર
- પીયત વિસ્તાર:- ૨૮.૮૩૮ હેક્ટર
- ઉલ્કા તાપમાન:- ૮.૨ સે.મી. ૪૪.૯૦ સેમી
- સરેરાશ વરસાદ:- ૪૪૦ મી.મી.
- તાલુકાના મુખ્ય પાકો :- ઘઉં, જુવાર, બાજરી, રાયડો, કપાસ, દિવેલા, ડાંગર, જુરૂં,વરિયાળી
- વસ્તી:- ૯૧૨,૯૬,૯૨૧
- શહેરી વસ્તી :- ૬૦૦૨૬
- ગ્રામ્ય વસ્તી:- ૨,૩૬,૮૯૫
- જાતિ પ્રમાણ દર:- ૯૦૬%
- સાક્ષરતા દર:- ૭૩.૭૨%
- પ્રાથમિક શાળા :- ૧૯૬
- ઓઈલ મિલો:- ૧૨૫
- પોલીસ સ્ટેશનની સંખ્યા :- ૦૩
- દૂધ સહકારી મંડળી:- ૧૪૪
- માધ્યમિક શાળા:- ૧૯૬
- ઉ.મા. શાળા:- ૧૭
- કોલેજ:- ૨૦
